**ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ**
**મકાન સહાય ચૂકવવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અબડ/૧૦૨૦૦૩/૧૩૦૩/છ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૨૯/૬/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૨/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૯૯-૭૬૯-છ .

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૮/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક:અબડ-૧૦૨૦૦૦-૪૬૪-છ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮/૬/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-છ

(૪) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગરનો તા.૧૯/૧૨/૨૦૧૪નો પત્ર ક્રમાંક: અજાક /મ/૩/૨૦૧૪/૬૮૬૯

**પ્રસ્તાવના:-**

રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યક્તિગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડૉ. આંબેડકર આવાસ યોજના આમુખમાં દશાવેલ ક્રમાંક(૧) અને (૨)ના ઠરાવોથી હાલ અમલમાં છે.ત્યારબાદ જુદા જુદા ઠરાવોથી તેમાં વખતોવખત સુધારા કરવામા આવેલા છે. આમુખમાં દર્શાવેલ ક્રમાંક-(૩)ના ઠરાવથી જે જોગવાઇઓ હાલ અમલમાં છે,તેમાં સુધારો કરવાની નિયામકશ્રી,અનુસૂચિત કલ્યાણની આમુખમાં દર્શાવેલ ક્રમાંક(૪)ના પત્રથી કરવામા આવેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આ વિભાગના તા.૮/૬/૨૦૦૫ના ઠરાવની પાત્રતાની શરતોની જોગવાઇ ૩(૩)માં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

"અનુસૂચિત જાતિના લાભાર્થી પોતાનુ મકાન બનાવવા માટે જે વ્યક્તિના નામે હાલમાં ભોયતળિયે મકાન હોય તેના પ્રથમ માળ ઉપર તેના પુખ્ત વયના પુત્રો અથવા ભાઇ જમીન/મકાન માલિકની સંમતિથી ઉપરના માળે મકાન બાંધે તો તેને પણ આ યોજના હેઠળ લાભ આપી શકાશે પરંતુ આ અંગે હાલના મકાનનું માળખું ઉપર બીજો માળ ખેંચવા માટે સક્ષમ છે તે મુજબનુ અધિકૃત ઇજનેર((Civil Engineer)નું પ્રમાણપત્ર અરજદારે રજૂ કરવાનુ રહેશે "

૨. ઠરાવની અન્ય શરતો તા.૮/૬/૨૦૦૫ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

૩. આ અંગેના હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા. ૮/૬/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જગદીશ ખડીયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નામ. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.(પત્ર દ્વારા)
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,સવર્ણિમ સંકુલ,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સામાજિક ન્યા.અને અધિ.)ના અંગત સચિવશ્રી, સવર્ણિમ સંકુલ,ગાંધીનગર
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.(પત્ર દ્વારા)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
નિયામકશ્રીશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
કમિશનરશ્રી,આદિજાતિ કલ્યાણ,ગાંધીનગર.
સચિવાલયના અન્ય સર્વે વિભાગો,
નાણા સલાહકારશ્રી(સા.ન્યા.)/નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે નાયબ નિયામકશ્રીઓ વર્ગ-૧/સર્વે સમાજ કલ્યાણ અધિકારીઓ વર્ગ-૨(મારફતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,ગાંધીનગર)
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ)/સા.ન્યા.અધિ.વિભાગ, વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.
એ.જી. અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.